



શહેરમાં મંગળવારે અચાનક વાતાવરણ પલ્ટના અંતે કમોસમી વરસાદ વરસ્યો હતો જયારે બુધવારે પણ મોસમનો મિજાજ કાંઈક અલગ જ જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન તડકી છાયડીના માહોલ વચ્ચે નગરજનોએ ગરમીમાં રાહત અનુભવી હતી. જયારે નભમાં નિખરેલા કાળા ડિબાંગ વાદળોના લીધે આકાશી નઝારો નિખર્યો હતો. ચ માર્ગ પર વિધાનસભા સામે સ્થિત સ્વર્ણિમ પાર્કમાં આંખોને ઠંડક આપતી હરિયાળી અને આકાશમાં લુપાછુપી રમતા વાદળોએ નયનરમ્ય નઝારાનુ સર્જન કર્યુ હતુ.

# જિલ્લામાં વૉટર સ્લીપનું વિતરણ કાર્ય આરંભાયુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં વૉટર સ્લીપના વિતરણની કાર્યવાહીનો આરંભ થઈ ચુક્યો છે અને સોમવાર સુધીમાં જિલ્લાના ૧૨ લાખથી વધુ મતદારોને તે આપવામાં આવશે.

મતદારોના ફોટા સાથે તૈયાર કરાયેલ આ વૉટર સ્લીપમાં મતદાન મથકનો નકશો પણ દર્શાવવામાં આવનાર છે. મતદાનનો ક્રમાંક, મતદાર ભાગ નં. બુથ ક્રમાંક સહિતની વિગતો આ વૉટર સ્લીપમાં હશે. મતદારોને તકલીફ ના પડે તે માટે દરેક મતદાન મથક પર એક હેલ્પ ડેસ્ક પણ રાખવામાં આવનાર છે જ્યાં બીએલ.ઓ. હાજર હશે. મળતી વિગતો પ્રમાણે વૉટર સ્લીપની સાથે નવા નોંધાયેલા મતદારો જે છે તેમને તેમના ચૂંટણી ઓળખકાર્ડ પણ આપવામાં આવશે. જિલ્લામાં ૧૧ હજાર જેટલા નવા નોંધાયેલા મતદારો છે. જિલ્લામાં વૉટર સ્લીપનું વિતરણ શરૂ થઈ ગયુ છે અને સોમવાર સુધીમાં તે સંપન્ન થઈ જશે. ૨૩મી એપ્રિલે મતદાન યોજાવાનુ છે. મતદાનને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે તંત્રની પણ તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું જાણવા મળેલ છે.

# આરટીઓ કચેરીએ ગત વર્ષની સાપેક્ષમાં ૮ કરોડની વધુ આવક કરી

**વર્ષ ૨૦૧૮ -૧૯ દરમિયાન ૧૫૦.૬૦ કરોડની આવક કરી : વાહન નોંધણી , લાયસન્સ , પસંદગીના નંબરો સહીતની કામગીરીના અંતે નોંધપાત્ર આવક કરી**

ગાંધીનગર તા ૧૫

ગાંધીનગર આર ટી ઓ કચેરી ગત વર્ષની સાપેક્ષમાં આ વર્ષે રૂ ૮ કરોડની વધુ આવક કરી છે. લાયસન્સ , વાહન નોંધણી તેમજ પસંદગીના નંબરોની હરાજી સહીતની કામગીરીના અંતે આર ટી ઓ કચેરીએ નોંધપાત્ર આવક કરી છે.



ગાંધીનગર આર ટી ઓ કચેરી રાજયની પ્રથમ પેપરલેસ અને મોડેલ માનવામાં આવે છે. ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરીને લોકઉપયોગી થવા પ્રયાસ કરવામાં આવે છે. ગાંધીનગર આર ટી ઓનો દરેક ડેટા કોમ્પ્યુટરાઈઝ કરવા ઉપરાંત ઓનલાઈન એપોઈન્ટમેન્ટ પ્રથા દાખલ કરવામાં આવી છે. જેના લીધે અરજદારો પોતાના સમયે લાયસન્સ કે તેના સંબંધિત કામગીરી માટે આવી શકે છે. તો લાયસન્સની જેમ સ્માર્ટ આર સી બુક પણ પોસ્ટ દ્વારા અરજદારોના ઘરે પહોંચે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત પસંદગીના નંબરોની ઓન લાઈન હરાજી પણ કરવામાં આવે છે. આ પ્રથા આર ટી ઓ કચેરીમાં શરૂ થયા બાદ આર ટી ઓ કચેરીની આવકમાં પૅણ નોંધપાત્ર ફેરફાર થયો છે. આર ટી ઓ સુત્રોના જણાંવ્યા મુજબ ગાંધીનગર આર ટી ઓ કચેરીએ એપ્રિલ ૨૦૧૮ થી માર્ચ ૨૦૧૯ સુધીના નાંણાકીય વર્ષમાં ૧૫૦.૬૦ કરોડ રૂપિયાથી પણ વધુ આવક થઈ છે.

વર્ષ ૨૦૧૬-૧૭ માં ૧૪૨.૮૦ કરોડની આવક હતી. જેમાં ૮ કરોડનો વધારો થયો છે. આ આવકમાં મુખ્યત્વે ટેક્ષની આવકનુ પ્રમાણ વધુ છે. જયારે વાહન નોંધણી રજીસ્ટ્રેશન ફી , ડ્રાઈવર કંડકડરના લાયસન્સની ફી ,કોર્મશિયલ વાહનો અને પસંદગીના નંબરોમાંથી થતી આવક પણ મુખ્ય છે. જયારે ટ્રાફિકના નિયમનના ભંગ બદલ દંડ વસુલના અંતે પણ આવક થઈ છે. એક વર્ષમાં આર ટી ઓને કુલ ૫૪૯૪૮ લાયસન્સ ઈશ્યુ કર્યા છે. જયારે વર્ષ ૨૦૧૬-૧૭ માં ૫૭૪૪૯ નવા વાહનો નોંધાયા હતા. વર્ષ ૨૦૧૮-૧૯ માં ૫૮૬૧૮ નવા વાહનોની નોંધણી આર ટી ઓ કચેરીમાં કરવામાં આવી છે. ગાંધીનગર આર ટી ઓ સરકારના કમાઉ દિકરા તરીકે પ્રથમ નંબરે હોય પરંતુ અરજદારોને સુવિધા પુરી પાડવામાં આર ટી ઓ કચેરી છેલ્લા નંબરે હોય તેવી સ્થિતિ છે.

# શહેરની બે કોલેજોમાં વધારાના કલાસરૂમ તેમજ લેબોરેટરી બનાવાનુ કામ શરૂ

**સે-૧૫ તેમજ સે-૨૮ ની એન્જિનિયરીંગ કોલેજમાં વિદ્યાર્થીઓને મળતી સુવિધા અપગ્રેડ કરાશે**

ગાંધીનગર તા ૧૭

શહેરમાં નવા સરકારી આવાસોના નિર્માણ સાથે શહેરના શૈક્ષણિક સંકુલમાં પણ રીનોવેશનની કામગીરી તબક્કાવાર હાથ ધરવામાં આવી રહી છે. સે-૧૫ વિજ્ઞાન કોલેજનુ બિલ્ડીંગ પણ ઘણુ જુનુ છે. જયારે આ બિલ્ડીંગમાં પણ વિદ્યાર્થીઓને જરૂરી સુવિધાઓ પુરી પાડવા માટે વધારાના કલાસરૂમ તેમજ લેબોરેટરીનુ કામ હાથ ધરાયુ છે.આ ઉપરાંત સે-૨૮ એન્જિનિયરીંગ કોલેજમાં પણ વિદ્યાર્થીઓ માટે જરૂરી સુવિધા ઉભી કરવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

શહેરમાં જુના સરકારી બિલ્ડીંગોનુ પણ તબકકાવાર રીનોવેશન કરવામાં આવી રહ્યુ છે. છેલ્લા કેટલાક વર્ષોથી નવા બિલ્ડીંગોના નિર્માણની પેટર્ન પણ બદલાઈ છે. સરકારી કચેરીઓને પણ કોર્પોરેટ લુક આપવામાં આવી રહ્યો છે. નવા બિલ્ડીંગો પણ આ મુજબની પેટર્ન પર જ બનાવવામાં આવે છે. જયારે શહેરમાં સ્થિત શૈક્ષણિક બિલ્ડીંગોને પણ વર્ષોના અંતે અપગ્રેડ કરવાની અનિવાર્યતા ઉભી થઈ છે. જો કે કોલેજ કક્ષાએથી મળેલી દરખાસ્તને અંતે વિભાગ દ્વારા આ મામલે પણ કામગીરી હાથ ધરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. સે-૧૫ ની સાયન્સ કોલેજ તેમજ સે-૨૮ ની એન્જિનિયરીંગ કોલેજને અનુલક્ષીને પણ રીનોવેશનની યોજના આરંભી દેવામાં આવી છે. આ બન્ને બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ વધારવા માટે કામગીરી હાથ ધરાઈ છે. જેમાં જરૂરી લેબોરેટરી , નવા બ્લોક કલાસ રૂમ તેમજ ટોઈલેટ બ્લોક સહીતના કામો પુર્ણ કરાશે આ કાર્યયોજના પાછળ અંદાજિત રૂ ૮ કરોડ જેટલો ખર્ચ થશે. જયારે કોલેજ સંકુલને અનુલક્ષી સલામતી વ્યવસ્થાને અનુલક્ષીને પણ કાર્યયોજનામાં કામ હાથ ધરવા માટે આયોજન કરાય છે. વિદ્યાર્થીઓને પુરતી સુવિધા પુરી પાડવા માટે વધારાના કલાસરૂમ તેમજ લેબોરેટરી પણ બનશે.

# સેકટરોમાં જોખમી સરકારી આવાસોનો સર્વે હાથ ધરાયો

**તંત્ર ફોટા સાથેનો રીપોર્ટ ડિઝાઇન સર્કલને રજુ કરશે : તબક્કાવાર આવાસો તોડીને નવા આવાસો માટે જગ્યા ખુલ્લી કરાશે**

ગાંધીનગર તા ૧૭

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કેટેગરીના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં હોવાનો સુર ઉઠવા પામ્યો છે. જયારે તંત્ર દ્વારા જુના અને કંગાળ આવાસો તોડીને નવા બનાવવા માટે પણ તબક્કાવાર કામ હાથ ધરવામાં આવે છે. હાલ પણ સેકટરોમાં વિવિધ કક્ષાના સરકારી આવાસોનો સર્વે કરી ફોટા સાથે અહેવાલ તૈયાર કરવામાં આવી રહ્યો છે. જેના અંતે જોખમી મકાનો તોડીને નવા મકાનો બાંધવા માટે પણ આગામી દિવસોમાં આયોજન કરાશે.

ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવસો જોખમી હાલતમાં છે. જયારે આ પૈકી મોટાભાગના મકાનો જોખમી હાલતમાં હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. તંત્ર દ્વારા એકબાજુ નવા આવાસો બાંધવા માટે સેકટરોમાં ટાવર કોલોની તૈયાર કરવામાં આવી રહી છે. સે-૭ બાદ સે-૨૯ માં પણ નવા સરકાર આવસો તૈયાર કરી દેવાયા છે. જેમાં કર્મચારીઓનો વસવાટ પણ છે. જયારે સે-૩૦ માં પણ આગામી બે મહીનામાં નવા આવાસો તૈયાર થઈ જશે. બીજીતરફ સે-૬ માં પણ કંગાળ અને જુના આવાસો તોડીને નવા બી અને સી કક્ષાના આવાસો બાંધવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નવા આવાસો બાંધવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. જયારે હજુ પણ શહેરમાં નવી ટાવર કોલોની બાંધવા માટે જગ્યા ખુલ્લી કરવામાં આવશે. તંત્ર દ્વારા નગરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોનો સર્વે કરી ભયજનક આવાસો તોડવામાં આવી રહ્યા છે. આવાસોને તોડવા માટે પણ તબક્કાવાર વિભાગ કક્ષાએથી મંજુરી આપવામાં આવી રહી છે. આ ઉપરાંત હાલ સેકટરોમાં સરકારી મકાનોનો સર્વે પણ હાથ ધરાયો છે. જેમાં આવાસોની સ્થિતિ અંગેનો ફોટા સાથેનો અહેવાલ તૈયાર કરી ડિઝાઈન સર્કલને મોકલવામાં આવી રહ્યો છે. જેના અંતે ભયજનક આવાસો તોડવા માટે આયોજન કરાશે. જયારે વધુ નવા મકાનો બાંધવા માટે પણ જગ્યા આખરી કરાશે. હજુ સે-૬ માં જોખમી આવાસોની સંખ્યા વધુ છે. ત્યારે આ ઠેકાણે વધુ એક ટાવર કોલોનીનિ નિર્માણ કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી છે. જો કે તંત્રના સર્વેના અંતે તૈયાર થયેલા રીપોર્ટના અંતે આવાસો તોડવાની કામગીરીમાં ગતિ આવશે તેમજ નવા આવાસો બાંધવાનુ આયોજન પણ આખરી થશે. સરકારી તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની યાદી મોટી છે. પ્રતિક્ષા યાદીમાં નવા નામો ઉમેરાતા જાય છે. ત્યારે નવા આવાસો તૈયાર થયા બાદ જ કર્મચારીઓને સરકારી આવાસો ફાળવવામાં સરળતા રહેશે.

# હાલ પોષ્ટલ બેલેટનો મોળો પ્રતિસાદ છે...

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પોષ્ટલ બેલેટથી મતદાન કરનારાઓમાં આ વખતે બહુ ઉત્સાહનો માહોલ જોવા મળતો નથી. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૯૦૦ જેટલા મતદારોએ પોષ્ટલ મતાધિકારનો ઉપયોગ કર્યો છે.

ગાંધીનગર (ઉ) બેઠક પર તો ૪૦૦થી પણ વધુ કર્મચારીઓને ઈડીસી આપવામાં આવ્યા છે. જેથી આ કર્મચારીઓ આ પ્રમાણપત્રને આધારે જે તે મતદાન મથક પર મતદાન કરી શકશે અને તેની નોંધ તેમને એક કવરમાં રજુ કરવાની રહેશે.

જિલ્લામાં ૨૬ હજાર જેટલા પોષ્ટલ બેલેટ ફાળવવામાં આવ્યા છે. જિલ્લામાં પાંચ વિધાનસભા મતવિસ્તાર છે અને તે ત્રણ સંસદીય મતવિસ્તારમાં વહેંચાયેલો છે. આ પોષ્ટલ બેલેટ મત ગણતરીના દિવસની સવારના પાંચ વાગ્યા સુધી સ્વીકારવામાં આવતા હોય છે.

# શહેરમાં એનઆરઆઈ પ્રતિનિધિ મંડળે ભાજપનો પ્રચાર કર્યો

**અમેરિકા, યુગાન્ડા, ઓસ્ટ્રેલિયા સહીતના દેશોમાંથી ભાજપના પદાધિકારીઓએ ગાંધીનગરના જુદા જુદા વોર્ડમાં પ્રચાર કર્યો**



ગાંધીનગર તા ૧૭

લોકસભાની ચંટણીનુ કાઉન્ડ ડાઉન શરૂ થઈ ગયુ છે. ઉમેદવારોએ પ્રચાર ઝુંબેશ પણ તેજ બનાવી દીધી છે ત્યારે ગાંધીનગર બેઠક પરથી ચુંટણી મેદાનમાં ઉતરેલા ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહને જંગી બહુમતીથી જીતાડવા માટે કાર્યકરો પણ પુરજોશમાં કામે લાગી ગયા છે. સ્થાનિક કાર્યકરો તેમજ આગેવાનો સાથે વિદેશનુ ડેલીગેશન પણ પ્રચાર ઝુંબેશમાં જોડાયુ છે. વિદેશમાં વસતા એન આર આઈ અને ભાજપના હોદેદારો ગાંધીનગર બેઠક પરના ચુંટણી જંગ માટે પ્રચારમાં લાગી ગયા છે. જેમાં પ્રદેશ ભાજપના કન્વીનર સંજીવ મહેતાની આગેવાનીમાં આ ડેલીગેશનમાં અમેરિકાથી ભાજપના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીનું પ્રમાણ વધારે ઘટ્યું

**વાવાઝોડા અને વરસાદના એક દિન બાદ પણ તંત્ર સજ્જ**

ગાંધીનગર,તા. ૧૭

પ્રચંડ વાવાઝોડા અને વરસાદના કારણે ૧૦ લોકોના મોત થયાના એક દિવવસ બાદ તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગોમાં આજે પણ કેટલીક જગ્યાએ ગાજવીજ સાથે વરસાદના અહેવાલ મળી રહ્યા છે. જો કે, હવામાન વિભાગ તરફથી હજુ સુધી કોઈપણ પ્રકારની આગાહી વરસાદ માટે કરી નથી. આજે મહત્તમ તાપમાનમાં ઘટાડો રહ્યો હતો. અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૪.૬ ડિગ્રી રહેતા કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી હતી. પાટનગર ગાંધીનગરમાં પણ ૩૪.૪ ડિગ્રી પારો રહ્યો હતો. રાજ્યમાં કોઈપણ જગ્યાએ પારો ૩૬થી ઉપર ન રહેતા લોકોને રાહત થઈ છે. જો કે, મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થવાના હવે સંકેતો દેખાઈ રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, ગઈકાલે અમદાવાદ શહેર, ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના સહિતના કેટલાક વિસ્તારોમાં જોરદાર વાવાઝોડા અને વીજળીના કડાકા સાથે વરસાદ તૂટી પડયો હતો અને તો, સૌરાષ્ટ્રમાં મોરબી, વાંકાનેર, ધ્રોલ, ટંકારા સહિતના પંથકોમાં તો કરા સાથેનો જોરદાર વરસાદ તૂટી પડયો હતો. બનાસકાંઠાના કાંકરેજ, દિયોદર અને વાવ તાલુકામાં ગાજવીજ અને પવન સાથે વરસાદ તથા કરા પડ્યા હતા. જને લઈ અમદાવાદ શહેર સહિત રાજયભરમાં એકબાજુ, વરસાદ અને પ્રચંડ વાવાઝોડાના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી તો, બીજીબાજુ, ખેડૂતોમાં કેરીના પાક સહિતના પાકને નુકસાનની દહેશતને લઈ ચિંતાની લાગણી પ્રસરી ગઈ હતી. ગઈકાલે અમદાવાદ ઉપરાંત, વિરમગામ, માંડલ, દેત્રોજ સહિતના પંથકોમાં પણ ભારે વાવાઝોડા સાથે વરસાદ પડયો હતો. ડિસામાં ૩૨.૨, ગાંધીનગરમાં ૩૪.૪, વડોદરામાં ૩૫, સુરતમાં ૩૪.૮, અમરેલીમાં ૩૬.૨, રાજકોટમાં ૩૬.૩, સુરેન્દ્રનગરમાં ૩૪.૪ ડિગ્રી પારો રહ્યો હતો.

# વરસાદથી પાકને નુકસાન થતાં ખેડૂતો દ્વારા પેકેજની ઉગ્ર માંગ

**રાજયમાં કમોસમી વરસાદથી ખેડૂતો મુશ્કેલીમાં : વિપક્ષ કોંગ્રેસે ખેડૂતો માટે તરત પેકેજ જાહેર કરવા રાજય સરકાર સમક્ષ માંગણી**

ગાંધીનગર,તા. ૧૭

ગાંધીનગર શહેર સહિત રાજયભરમાં છેલ્લા બે દિવસથી બદલાયેલા હવામાન અને પ્રચંડ વાવાઝોડા સાથે ત્રાટકેલા કમોસમી વરસાદને લઈ રાજયના વિવિધ જિલ્લાઓમાં ખાસ કરીને ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત તેમ જ સૌરાષ્ટ્ર-કચ્છના વિસ્તારોમાં ખેડૂતોના પાકને ગંભીર નુકસાન પહોંચ્યું છે. કમોસમી વરસાદ અને ભારે વાવાઝોડાના કારણે ખેડૂતોના કેરી, ઘઉં, એરંડો, તલ, જીરૂ, તરબૂચ, ટેટી સહિતના પાકને બહુ મોટું નુકસાન થયું છે. એટલું જ નહી, માર્કેટયાર્ડમાં રાખેલા અનાજ પણ પલળી જવાના કારણે ગંભીર નુકસાન પહોંચ્યુ છે ત્યારે ખેડૂતોની હાલત કફોડી બની છે. આ સંજોગોમાં ખેડૂતઆલમ તરફથી રાજય સરકાર દ્વારા તાત્કાલિક ધોરણે પાક નુકસાનીની કટોકટીભરી સ્થિતિને લઈ રાહતપેકેજ જાહેર કરવા માંગ કરી છે, તો વિપક્ષ કોંગ્રેસે પણ ખેડૂતોના સમર્થનમાં ઉતરી રાજય સરકાર સમક્ષ ખેડૂતો માટે તાત્કાલિક રાહત પેકેજ અને નુકસાનીનું વળતર જાહેર કરવા માંગણી કરી છે. છેલ્લા બે દિવસથી રાજયમાં હવામાનમાં આવેલા પલ્ટા અને પ્રંચડ વાવાઝોડા સાથે

● અનુસંધાન પાન-૭ પર

ફ્લેટ વેચાણથી આપવાનો છે
પ્લોટ નં. ૭૯૧-ડી-૩, પ્રથમ મજલો, શ્રીજી એપાર્ટમેન્ટ, પંચશીલ પાર્ક, સેક્ટર નં.૨૧, ગાંધીનગર.
ફોન : ૯૪૨૮૪ ૨૨૨૮૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૨૬૦૯૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૯૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com